RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 221* Date: 01.06.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૭૩.૨૭% રિઝલ્ટ



ગાંધીનગર,તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે ૭૩.૨૭% પરિણામ આવ્યું છે, ગયા વર્ષ કરતાં ૧૩.૬૪ ટકા ઓછું છે. ગયા વર્ષે ૮૬.૯૧ ટકા રિઝલ્ટ હતું. ગત વર્ષે ૨૦૨૨માં ધો. ૧૨ સામાન્ય પ્રવાહના રિઝલ્ટમાં ૧૨ વર્ષનો રેકોર્ડ તૂટ્યો હતો. આ વર્ષે કોરોના બેચ માટે પરિણામ પડકારજનક રહેશે તેવું માનવામાં આવે છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું રિઝલ્ટ ૮ વાગ્યે જાહેર થવાનું હતું.

પરિણામ જોઈએ તો સૌથી વધુ પરિણામનો જિલ્લો કચ્છ- ૮૪.૫૯ ટકા,સૌથી ઓછા પરિણામનો જિલ્લો ૫૪.૬૭ ટકા,સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર વાગધ્રા- ૯૫.૮૫,સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર દેવગઢબારીયા- ૩૬.૨૮,૩૧૧ સ્કૂલોનું ૧૦૦ ટકા પરિણામ,વિદ્યાર્થીઓનું પરિણામ- ૬૭.૦૩ ટકા,વિદ્યાર્થિનીઓનું પરિણામ- ૮૦.૩૯ ટકા,વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧૩.૩૬ ટકા વધુ,૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી સ્કૂલોની સંખ્યા- ૪૪,દિવ્યાંગ ઉમેદવારની સંખ્યા- ૩૦૯૭,૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડથી પાસ થનાર દિવ્યાંગોની સંખ્યા- ૬૩૮,ખાનગી નિયમિત ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૩૩.૮૬ ટકા રહ્યું છે

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પાછલા વર્ષ કરતા ઉપસ્થિત રહેલા નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે પરંતુ પરિણામની ટકાવારીમાં ઘટાડો થયો છે. પાછલા વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૩,૩૫,૧૪૫ ઉમેદવારો ઉપસ્થિત હતા જ્યારે આ વર્ષે ૪,૭૭,૩૯૨ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા છે.

આ વર્ષે ૪ લાખથી વધુ નિયમિત ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા પરંતુ પરિણામને પાત્ર ઉમેદવારોની સંખ્યા ૩,૪૯,૭૯૨ છે .વર્ષ ૨૦૨૨માં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૬.૯૧ ટકા રહી હતી જે આ વર્ષે ઘટીને ૭૩ [illegible] થઈ ગઈ છે. એટલે કે પાછલા વર્ષની સરખામણીમાં પરિણામમાં ૧૩.૬૪ટકાનો ઘટાડો થયો છે. આ જરીતે આ વર્ષે અગાઉ જાહેર થયેલા પરિણામોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.આ વર્ષે પરિણામની ટકાવારીમાં ઘટાડો થવાની સાથે ૧૦૦% પરિણામ લાવનારી શાળાઓની સંખ્યામાં પણ મોટો ઘટાડો નોંધાયો છે. પાછલા વર્ષે આ શાળાઓની સંખ્યા ૧૦૬૪ હતી જે આ વર્ષે ઘટીને ૩૧૧ થઈ ગઈ છે. આ વર્ષે સામાન્ય પ્રવાહમાં ૧૦% કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં જબરજસ્ત વધારો નોંધાયો છે જે સંખ્યા વર્ષ ૨૦૨૨માં માત્ર ૧ હતી તે ચાલુ વર્ષે ૪૪ થઈ ગઈ છે.નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૬૭.૦૩% આવ્યું છે જયારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૦.૩૯% જાહેર કરવામાં આવ્યું છે. પાછલા વર્ષે વિદ્યાર્થીઓનું પરિણામ ૮૪.૬૭% જયારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૯.૨૩% રહ્યું હતું.

## રાજ્યના ૫ જિલ્લામાં છુટોછવાયો પડ્યો વરસાદ... અનેક ગામોમાં વાવાઝોડાથી મોટું નુકસાન..

અમદાવાદ,તા.૩૧

આનંદની વાત એ છે કે, હવે દેશમાં ચોમાસું આગળ વધી રહ્યું છે. ૧૧ દિવસથી અટકેલું ચોમાસું હવે આગળ વધ્યું છે. આ સાથે જ દેશના ૯ રાજ્યમાં વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામા આવી છે. છેલ્લા ૧૧ દિવસથી દૂરના ટાપુઓ પર ચોમાસું અટકી પડ્યુ હતું, તે હવે બંગાળની ખાડી તરફ આગળ વધ્યું છે. જે રાહતના સમાચાર છે. આ કારણે દેશના ૯ રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ વરસશે.

હવામાન વિભાગે જણાવ્યું કે, મંગળવારે દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધ્યું છે. તેથી આગામી બે કે ત્રણ દિવસમાં દેશમાં તેની એન્ટ્રી થઈ શકે છે. ચોમાસું સામાન્ય રીતે ૧ જૂનની આસપાસ કેરળમાં પહોંચે છે અને ૧૫ જુલાઈની આસપાસ આખા દેશને આવરી લે છે. પરંતુ આ વર્ષે કેરળમાં ચોમાસાની એન્ટ્રી મોડી થઈ છે. તેથી અન્ય રાજ્યોમાં પણ વિલંબ થઈ શકે છે. ગુજરાત સહિતના દક્ષિણના દરિયાકાંઠામાં હાલ હળવા વરસાદની ઝાપટાની આશા છે.

૨૦૨૩ નું ચોમાસું ખેડૂતો માટે કેવું રહેશે તેને લઈ આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી કરી કે, આ વર્ષે ૧૦-૧૨ આનીનો વરસાદ રહેશે. સામાન્ય રીતે પહેલાના સમયે કેટલી આનીનો વરસાદ પડશે તે જાણવા જાણકારો વડની વડવાઈઓ કેટલી ફૂટી તેના ઉપરથી માહિતી મેળવતા હોય છે. જો ૪ આની વરસાદ પડે તો ઓછો વરસાદ પડે છે. ૧૬ આનીનો વરસાદ શ્રેષ્ઠ વરસાદ ગણાય છે.

રોહિણીમાં વરસાદ રહે તો તે ચોમાસાની ગતિવિધિ માટે સારી ગણાય છે. જે પવન ફૂંકાય તેનાથી વરસાદ રેગ્યુલર શરૂ થાય છે. વરસાદના આ પડઘમ સારા છે. અરબ સાગરમાં પણ ચક્રવાત આવશે અને બંગાળ મહાસાગરમાં ચક્રવાત આવશે. આ ચક્રવાત દક્ષિણ ગુજરાતના ભાગોમાં તરફ જાય તો ભારે વરસાદ થતો હોય છે, અને ઓમાન તરફ જાય તો સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થતો હોય છે. બે ચક્રવાતને કારણે વરસાદની સ્થિતિ સાનુકૂળ બની છે, પરંતુ જેમ જેમ ચક્રવાત આગળ આવશે ત્યારે વાયુને કારણે ચોમાસામાં વિલંબ પણ થઈ શકે છે.

## રઘુરામ રાજને ફરી એકવાર ભારત સરકારની આર્થિક નીતિઓ પર શંકા વ્યક્ત

નવીદિલ્હી,તા.૩૧

રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને ફરી એકવાર ભારત સરકારની આર્થિક નીતિઓ પર શંકા વ્યક્ત કરી છે અને કેટલાક પ્રશ્નો ઉભા કર્યા છે. આ વખતે તેમનો ટાર્ગેટ કેન્દ્ર સરકારની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ છે અને તેમણે પૂછ્યું છે કે શું સરકારની આ યોજના નિષ્ફળ સાબિત થઈ છે.



આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને કેટલાક અન્ય લેખકો સાથે એક સોશિયલ મીડિયા નોટમાં સવાલો ઉઠાવ્યા છે કે મોદી સરકારની પીએલઆઇ યોજનાની સફળતાના પુરાવા શું છે જે મૂળ દેશમાં ઉત્પાદન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે રજૂ કરવામાં આવી હતી. તેમણે સવાલ કર્યો છે કે શું ભારત ખરેખર એક મેન્યુફેક્ચરિંગ જાયન્ટ બની ગયું છે, જેના દાવાઓ થઈ રહ્યા છે. તેમણે લખ્યું છે કે દેશમાં મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગના આંકડા જોયા પછી આવી ચિંતાઓ સામે આવી રહી છે, જેનો જવાબ આપવાની જરૂર છે. કારણ કે આ સ્કીમનું ફોકસ મુખ્યત્વે દેશમાં મોબાઈલ ફોનના ઉત્પાદનને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવ્યું હતું.તેમની રિસર્ચ નોટમાં રઘુરામ રાજને લખ્યું છે કે ભારત મોબાઈલ ફોન ઉત્પાદન ક્ષેત્રે હજુ સુધી દિગ્ગજ બન્યું નથી, જેવી પીએલઆઈ યોજનાઓના લોન્ચ સમયે અપેક્ષા રાખવામાં આવી હતી અને ઊંચા વચનો આપવામાં આવ્યા હતા. તેમની સાથે બે વધુ લેખકો રાહુલ ચૌહાણ અને રોહિત લાંબાએ ઉલ્લેખ કર્યો છે કે આ યોજના ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

કેન્દ્રની મોદી સરકારે ૧.૯૭ લાખ કરોડના ખર્ચે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમની જાહેરાત કરી હતી. તેના દ્વારા દેશના વિવિધ ક્ષેત્રોમાં મેન્યુફેક્ચરિંગમાં ચેમ્પિયન બનાવવા અને સામાન્ય રોજગારીની તકો ઊભી કરવાનો દાવો કરવામાં આવ્યો હતો.

જો કે, રાજને કહ્યું છે કે કેન્દ્ર સરકારે આ યોજનાના આંકડાઓને ધ્યાનથી જોવું જોઈએ અને પીએલઆઈ યોજના હેઠળ અત્યાર સુધીમાં કેટલી નોકરીની તકો ઊભી થઈ છે તેનું વિગતવાર મૂલ્યાંકન કરવું જોઈએ. અત્યાર સુધી પીએલઆઈ સ્કીમ શા માટે દેશના વિવિધ ક્ષેત્રોને ફાયદો પહોંચાડી શકી નથી અને તે કેમ કામ નથી કરી રહી - સરકારે તેના વિશે વિચારીને જવાબ આપવો જોઈએ.

## મોદી તો ભગવાનને પણ સમજાવી દે કે બ્રહ્માંડમાં શું ચાલે છે, અમેરિકામાં રાહુલ ગાંધીના ચાબખા

નવીદિલ્હી,તા.૩૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અમેરિકા પહોંચ્યા હતા. અહીં સાન ફ્રાન્સિસ્કોમાં તેઓ ભારતીયોને મળ્યા અને તેમને સંબોધ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે થોડા મહિના પહેલા અમે કન્યાકુમારીથી કાશ્મીરની યાત્રા શરૂ કરી હતી. હું પણ યાત્રામાં સામેલ હતો. અમે જોયું છે કે ભારતમાં રાજકારણના સામાન્ય સાધનો (જેમ કે જાહેર સભા, લોકો સાથે વાત કરવી, રેલી) હવે કામ કરતા નથી. રાજકારણ માટે આપણને જે સંસાધનોની જરૂર છે તે ભાજપ અને આરએસએસ દ્વારા નિયંત્રિત છે. લોકોને ધમકીઓ આપવામાં આવી રહી છે. એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં અમને લાગ્યું કે



ભારતમાં રાજકારણ કરવું હવે સરળ નથી. તેથી અમે યાત્રા કરવાનું નક્કી કર્યું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, દુનિયા એટલી મોટી છે કે કોઈ પણ વ્યક્તિ એવું વિચારી ન શકે કે તે દરેક વિશે બધું જ જાણે છે. આ એક રોગ જેવું છે કે ભારતમાં કેટલાક એવા લોકો છે જે વિચારે છે કે તેઓ બધું જ જાણે છે. મને લાગે છે કે તેઓ ભગવાન કરતાં વધુ જાણે છે. તેઓ ભગવાનની સામે બેસીને પણ તેમને સમજાવી શકે છે કે શું ચાલી રહ્યું છે. પીએમ મોદી પણ તેમાંથી એક છે.

રાહુલે કહ્યું, મને લાગે છે કે જો પીએમ મોદીને ભગવાનની સામે બેસવાનું કહેવામાં આવશે, તો તેઓ ભગવાનને સમજાવવાનું શરૂ કરશે કે બ્રહ્માંડમાં શું ચાલી રહ્યું છે. ભગવાન પણ ભ્રમિત થઈ જશે કે તેણે શું બનાવ્યું છે. ભારતમાં આ જ ચાલી રહ્યું છે. ભારતમાં કેટલાક એવા લોકો છે જે બધું જ જાણે છે. જ્યારે તેઓ વૈજ્ઞાનિકો પાસે જાય છે, ત્યારે તેઓ તેમને વિજ્ઞાન વિશે કહે છે, જ્યારે તેઓ ઇતિહાસકારો પાસે જાય છે, ત્યારે તેઓ તેમને ઈતિહાસ વિશે જણાવે છે. તેઓ દરેકને સૈન્યને યુદ્ધ વિશે, એરફોર્સમાં ઉડાન વિશે બધું કહે છે. પણ સાચી વાત એ છે કે તેઓ કંઈ સમજતા નથી. કારણ કે જો તમે કોઈની વાત સાંભળવા માંગતા નથી તો તમે તેના વિશે કંઈપણ જાણી શકતા નથી.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે છે. તેઓ મંગળવારે ત્રણ શહેરોના પ્રવાસ માટે અહીં પહોંચ્યા. તેમણે કેલિફોર્નિયાના સાંતા ક્લારામાં ભારતીય પ્રવાસીઓની એક સભાને સંબોધિત કરી. તેમણે સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર લોકોને ધમકાવવાની તથા દેશની એજન્સીઓનો દુરઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીએ પીએમ મોદી અને મોદી સરકાર ઉપર પણ નિશાન સાધ્યું .અમેરિકાના પ્રવાસ દરમિયાન સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય સમુદાયની 'મહોબ્બત કી દુકાન' ઈવેન્ટને તેમણે સંબોધન કર્યું. આ દરમિયાન રાહુલે નવી સંસદના ઉદ્ઘાટન અને સંસદમાં સેંગોલ સ્થાપિત કરવાના મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી. રાહુલ ગાંધીએ કહ્યું કે મને લાગે છે કે નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન અસલ મુદ્દાઓથી ધ્યાન ભટકાવવા માટે છે.

## અનંતનાગમાં તોયબાના આતંકીઓએ હિન્દુ યુવકની હત્યા કરતાં તંગદિલી

શ્રીનગર,તા.૩૧

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં દુધની ખરીદી માટે બજારમાં ગયેલા એક બિન-મુસ્લિમ કામદારની લશ્કર-એ-તોયબાના આતંકીઓએ સોમવારે ગોળી મારી હત્યા કરી હતી. જમ્મુ રિજનના ઉધમપુર જિલ્લાનો નિવાસી કામદાર દીપુ કુમાર જંગલાત મંડી વિસ્તારમાં એક સર્કસમાં કામ કરી રહ્યો હતો. સરકારે દીપુ કુમારના પરિવારને રૂ. ૫ લાખની સહાયની જાહેરાત કરી છે.પોલીસે જણાવ્યું હતું કે, જંગલાત મંડી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી એક સર્કલ લાગ્યું છે, જેને સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. વધુમાં સર્કસની પોતાની સિક્યોરિટી પણ છે. દીપુ કુમાર સોમવારે સાંજે દુધ ખરીદવા માટે નજીકના બજારમાં જતો હતો ત્યારે બે મોટરસાઈકલ સવારોએ તેને ગોળી મારી દીધી હતી. દીપુને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું હતું કે, આતંકીઓએ અનંતનાગમાં જંગલાત મંડી નજીક અમ્યુઝમેન્ટ પાર્કમાં એક ખાનગી સર્કસ મેળામાં કામ કરતા દીપુને ખૂબ જ નજીકથી ગોળી મારી હતી. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તોયબાના ઓછા જાણિતા આતંકી જૂથ કાશ્મીર ફ્રીડમ ફાઈટરે ઊઠાવી છે.

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ મૃતક દીપુ કુમારના પરિવારજનોને રૂ. ૫ લાખની સહાયની જાહેરાત કરી હતી. આ સાથે મનોજ સિંહાએ જમ્મુમાં બસ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને પણ રૂ. ૫ લાખ અને ગંભીર ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ આપવાની જાહેરાત કરી હતી. ઉધમપુર નિવાસી દીપુ કુમારની હત્યાના વિરોધમાં ઉધમપુર જિલ્લામાં મંગળવારે સેંકડો લોકોએ રસ્તા પર દેખાવો કર્યા હતા. ખયાલ સુન્હાલ પંચાયતના સભ્ય રાજેશ કુમારના નેતૃત્વમાં દેખાવકારો બાતાલ ચોકમાં એકત્ર થયા હતા અને ધાર માર્ગ બંધ કરી દીધો હતો અને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કર્યો હતો. વધુમાં રાજેશ કુમારે મનોજ સિંહાને દીપુ કુમારના પરિવાર માટે આજીવિકાની વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી.

## નાશિકમાં કાર નદીમાં પડી જતા એક જ પરિવારના ૩નાં મોત

મુંબઈ,તા.૩૧

નાશિકમાં બ્રીજ પરથી કાર નદીમાં ખાબકતા થયેલા ભીષણ અકસ્માતમાં ચાર વર્ષીય બાળકી સહિત ત્રણ જણ મોતને ભેટયા હતા. જયારે સાતને ઈજા થઈ હતી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે મામલાની નોંધ લઈ વધુ તપાસ આદરી છે. અકસ્માતનો ભોગ બનેલો પરિવાર લગ્નમાંથી ઘરે પાછા આવી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હોવાનું કહેવાય છે.

પોલીસે જણાવ્યું હતું કે નાંદગાવ-માલેગાવ રોડ પર પંઝાન નદી પર આવેલા બ્રીજ પાસે આ અકસ્માત થયો હતો.કારમાં ડોકટર યાકુબ રમઝાન મંસૂરી (ઉ.વ.૫૦) જાલનાથી માલેગાંવ આવી રહ્યા હતા ડો.મંસૂરી કાર ચલાવી રહ્યા હતા

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO : ૦૮૯

વિષય : સંબંધ
પ્રકાર : ગદ્ય
શીર્ષક અટૂટ

પ્રવિણા કડકિયા

———————

સંબંધનો બંધ અટૂટ રાખવો હોય તો ચણતી વખતે પ્રેમ, વિશ્વાસ અને શ્રદ્ધાનું મિશ્રણ પાયામાં નાખશો. તાકાત છે કોઈની સંબંધના ગઢની કાંકરી પણ ખેરવી શકે ?

આ હકીકત છે મનમાંથી ઉપજાવેલી વાત નથી . બાકી આ રંગ બદલતી દુનિયામાં રોજ નવા સંબંધ બંધાશે અને
જૂના ભૂતકાળ થઈ જશે.

યાદ છે જુનું તે સોનું . નવા સંબંધો બાંધો તેની ના નંથી. પણ ભૂલશો નહી નવા હીરા જેવા સંબંધોને જડવા સોનાની જરૂર પડે છે.

સંબંધના અનેક પ્રકાર છે. પૃથ્વી પર અવતરણની સાથે જે સંબંધ પ્રાપ્ત થાય છે એ અણમોલ છે. તેમાં સ્વાર્થની લેશ માત્ર ગંધ આવતી નથી. સમય જતાં તેમા તિરાડ ન આવે તેને માટે હંમેશા સજાગ રહેવું .

ઘણા સંબંધ મોહ અને સ્વાર્થ પર નિર્ભર હોય છે. તે બહુ લાંબુ ટકતા નથી. જો પૈસો સંબંધના મૂળમાં હોય તો તે ઈમારત ખોખલી હોય છે. પૈસો તો હાથનો મેલ છે ક્યારે વિદાય કહી ન શકાય .

સંબંધ બાંધતા પહેલાં ખૂબ વિચાર કરવો . કદાચ સો વખત . એ
જ સંબંધ તોડતાં પહેલાં લાખ વાર વિચારવું .

આપણે તો સાહિત્યની ગાંઠે બંધાયેલા છીએ, આ પવિત્ર સંબંધ સમય જતા મહેકી ઉઠશે.

જીવનમાં નવા સંબંધો બાંધો જૂનાની ગાંઠ મજબૂત કરો.

---

NOG SS NO : 126
વિષય : સંબંધ
શિર્ષકઃ સંબંધનું સરવૈયું
શબ્દોઃ ૩૫૦
નામ : મોહનભાઈ" આનંદ"

સબંધ એટલે સભાનતાપૂર્વક, સમાનતાથી ,સહિષ્ણુતા સાથે પ્રેમ અને આદર સાથે વિશ્વાસમાં બાધેલો શ્વાસ, એટલે જ સંબંધ. જ્યાં સમ્યકત્વની ઉચ્ચ ભૂમિકાએ વિરાજમાન છે,એ સંબંધ શ્રેષ્ઠ છે. જ્યાં અભેદ દ્રષ્ટિ છે. જીવમાત્ર પ્રત્યે કરુણા દયા પ્રેમ અને ઉદારતા ભર્યો સમ્યક વ્યવહાર છે. એ જ સંબંધની સાર્થક વ્યાખ્યા છે.
સામાન્ય રીતે સંબંધ ત્રણ પ્રકારના છે. પ્રથમ લોહીનો સંબંધ, માતા પિતા,ભાઈ બહેન વગેરે નો ,જે આપણા કર્મને આધીન ઋણાનુબંધ છે.બીજો સંબંધ સંપાદિત સંબંધ છે, જેમાં મિત્ર, પત્ની, ભાગીદારી, વ્યવસાયિક સંબંધ તથા પડોશી શત્રુ મિત્ર નોકર શેઠ વગેરે. ત્રીજો સંબંધ શાશ્વત છે , પોતાના ચૈતન્યમય આત્મા તથા પરમાત્મા સાથે, આ સંબંધ નિર્વિકાર છે, ત્યાં ફક્ત અને ફક્ત પ્રેમ છે, આનંદ છે. તોલમાપ કે દુનિયાદારી નથી. ભક્ત અને ભગવાન, આ સંબંધનું સ્વરૂપ પવિત્ર છે, નિર્મળ સ્નેહનું ઝરણું છે, પ્રેમની ઉત્કૃષ્ટ અનુભૂતિ છે, ત્યાગના ઉત્તમ શિખર પર વિરાજમાન છે. જેમાં કોઈ લોલુપતા નથી, નિરંતર સમર્પિત ભાવના સાથે ખુશમિજાજ રહેવાનું છે.
દુનિયાદારી ના સંદર્ભમાં સંબંધ સ્વાર્થમાં સમાયેલું વ્યવહારિક સામાજિક આર્થિક પાસાઓ સમૃદ્ધ કરતું રાજસી ગુણોનું સામ્રાજ્ય છે.અહી તો આપો તો મળે, તેમાંય વિશ્વાસ અને ભરોસો સંબંધ ટકાવી રાખવા માટે જરૂરી છે.અહીં દુન્યવી સંસારી વ્યવહારના માપદંડ દેશ કાળ ધર્મ અને નીતિ જ
દ્વારા સંચાલિત થાય છે. પરિણામે સંબંધ ફુલે ફાવે છે. અને આર્થિક, સામાજિક ઉન્નતિ થાય છે. વિકાસ થવાથી બધા સુખ શાંતિ અને સમૃદ્ધિ પામે છે.
જન્મજાત લોહીના સબંધ પૈત્રિક ફરજો બજાવવાથી સુદ્રઢ બને છે.પિતૃઓના આશીર્વાદ મળે છે. માતા પિતા ભાઈ ભાડું પ્રસન્નતા અનુભવે છે.જેઓ માતા પિતાનુ વૃદ્ધ અવસ્થામાં સારી રીતે પાલન પોષણ કરે છે, તે કદી પણ દુઃખી થતો નથી.તેના સંતાનો પણ બુધ્ધિશાળી અને પ્રગતિશીલ બને છે.ઈશ્વરની કૃપાદ્રષ્ટિ હંમેશા રહે છે.
જીવ જગત અને જગતનો શાશ્વત સંબંધ છે. એક અતૂટ. સંબંધ છે , પરંતુ દેહ અધ્યાસ અને મમત્વની ભાવના, જિજીવિષા અને દુન્યવી પદાર્થોમાં આસક્તિ અને મોહથી પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી ગયો છે. શરીર મન બુદ્ધિ દ્વારા દુનિયાદારી સત્ય લાગે છે, તેથી પ્રતીતિ અને પ્રાપ્તિમાં અમૂલ્ય આયુષ્ય વેડફી નાખીને અંતે મૃત્યુ સાથે સંબંધ બાંધી પુનઃ જીવન પ્રાપ્ત કરે છે.

---

NOG SS No 149
વિષય : સંબંધ
શીર્ષક : સ્નેહ સંબંધ
શબ્દો ૩૦૦
નામ પલ્લવી જોષી. સરિતા

સ્નેહ સંબંધ

સંબંધ એટલે સમ્ + બંધ
આમ જોઈએ તો મનને ઘણીવાર એવું લાગે કે સંબંધ કોને કહેવાય,સંબંધ કેવો હોવો જોઈએ ને મુખ્ય વાત એ કે સંબંધ ક્યાં બંધાય,કોની સાથે બંધાય !

સંબંધનું બીજુ નામ છે લાગણી,જ્યાં સ્નેહ,પ્રેમ,લાગણી,અને આત્મિયતા હોય છે ત્યાં સંબંધ આપોઆપ જ બંધાઈ જાય છે.સંબંધને બાંધવાનો નથી એતો એનો રસ્તો કરી જ લે છે.

સંબંધ લાગણીનો પણ હોય છે અને લોહીનો પણ હોય છે.તમે જોશો તો લોહીનાં સંબંધ કરતાં પણ લાગણીનાં સંબંધનું પલ્લું ભારે હોય છે.

બીજી વાત કરું તો જે સંબંધને બંધ ના હોય એજ સાચા અર્થમાં સારા ને સાચા સંબંધ કહેવાય.

જે સંબંધમાં કોઈ બંધન ના હોય, તમે મુક્ત મનથી તમારા દિલની વાત કરી શકો ને બાજુમાં બેઠેલી વ્યક્તિ જ્યારે તમારા ખભે હાથ મૂકીને તમને કહે ને કે હું છું ને,બસ એજ સાચો લાગણીભર્યો સંબંધ છે.

સંબંધોમાં ઘણાં બધાં સંબંધ છે,જેમકે માતાપિતા ને સંતાનનો,ભાઈબહેનનો,પતિ પત્નીનો,પ્રિયતમને પ્રેમિકાનો, ભાઈ ભાઈનો,દાદાદાદીનો,મિત્રતાનો આમ અનેક સંબંધો પરિવારમાં હોય છે,માતા અને પુત્રની લાગણી કંઈક અલગ જ હોય છે,એજ રીતે પુત્રીની લાગણી પણ કંઈક અલગ જ છે.માતા અને પુત્રનો સંબંધ પિતાના કરતાં પણ નવ માસ વધારે નો હોય છે તેથી જ તો માતાને પુત્ર અને પુત્ર ને માતા ખૂબ વ્હાલી હોય છે. આટલા ગાઢ સંબંધોમાં પણ કાચના વાસણ જેવી તિરાડ પડતા વાર નથી લાગતી,

પેલી કહેવત છે ને કે લાડી આવે એટલે માડીની કિંમત ઘટી જાય છે,પણ એજ લાડી જ્યારે તરછોડે છે ત્યારે આજ માડીની કિંમત આપોઆપ વધી જાય છે.

ભાઈબહેનનો સંબંધ નિસ્વાર્થ ભાવનું પ્રતિક છે.બહેન લગ્ન કરી સાસરિયે જાય છે ત્યારે ઘરનાં દરવાજાની બાજુમાં ભીંત પર એના હાથનાં થાપા મારીને જાય છે,એ એના ભાઈને કહે છે આ બધું જ તારું છે મારે કોઈ ભાગ જોઈતો નથી બસ આપણા માબાપને સાચવજે ને એમની સેવા કરજે,એમની આંખમાં ક્યારેય આંસુના આવે એનું ધ્યાન રાખજે,આવું જે હક થી કહે છે, એ સાચો સંબંધ છે.

જોકે હું આ સંબંધથી વંચિત હતી પણ હમણાં થોડા સમય પહેલા જ મને એક પ્રેમાળ ને લાગણીસભર સ્વભાવવાળા ભાઈ મળ્યા છે.હું મારા ધન્યભાગ માનુ છું આવે સ્નેહભર્યા લાગણીનાં સંબંધ કહેવાય,કાશ આ મારા ભાઈ મને જલ્દી મળ્યા હોત તો!

આમ સંબંધ તો સંબંધ છે બંને પક્ષે સરખી લાગણી ને પ્રેમ એક સરિતાની માફક વહેતો હોય એ સાચો સંબંધ.

---

NOG SS No :-0038
વિષય :- સબંધ
વિભાગ :-પદ્ય
શીર્ષક :- પવિત્ર તાંતણો

દિલથી જોડાયેલ પવિત્ર તાંતણો.
આવિષ્કાર આ દોસ્તી તણો.
ના કોઈ સ્વાર્થ ના કોઈ આશા,
દરિયો એ લાગણી તણો.
ના જોઈ શકે કદી દુઃખી દોસ્ત
સબંધ પવિત્ર વ્હાલ તણો.
દુનિયાની અજબ કહાની અહીં,
બંધાયેલ તાંતણો મિત્રતા તણો.
હું છું ને કહી ભરે હૈયે હામ,
દોસ્તીનો પ્યાર એ કુદરત તણો.
તારું મારુ કરી ભાગે દુનિયા,
આપણું કહી આપે સહારો જીવન તણો.
મજાક મસ્તી તોફાન અહીં,
મહેકતો રહે સબંધ ખુશી તણો.

?? શીલાપટેલ "આકાંક્ષા"

---

NOG S S No : 143
નામઃ- દક્ષા ઠાકર
વિષયઃ સંબંધ...
પ્રકારઃ- ભાવવાહી રચના.

શીર્ષક : સંબંધો લોહીના..

શું કરવી વાત સંબંધોની,
જીવ સટોસટના ખેલાય યુદ્ધો!
સંબંધો લોહીના બોલી ઉઠતા,
સંબંધ
આભાર - નિહારીકા રવિયા જાળવવા ખાતર..

સંબંધોને સમજી જાણી પીછાણી,
મોલ તેનો આંકીએ..
સંબંધો તો મૂડી જીવતરની!
એને તો જાળવવા પડે..

દુનિયાદારીની તો રીત નિરાળી,
લોહીના સંબંધોની પરખ નિરાળી..
રક્ત સંબંધો જ કામ આવે,
એ વાત આપણે જાણીએ..

કુટુંબ કબીલો ઈશ્વરનો
પુરાણોમાં ઉલ્લેખ છે..
માનવીય સંબંધો સૌથી શ્રેષ્ઠ!
લોહીના સંબંધો કરતા કામ..
★દક્ષા ઠાકર 'દક્ષુ'★
★અમદાવાદ.★★૩૧-૦૫-૨૦૨૩.★

---

NOG SS No : 120
વિષય : સંબંધ
શીર્ષક : સંબંધ
શબ્દો : ૫૬
લેખક નું નામ : ડૉ રમીલા ડી મકવાણા રમા
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

કપરા સંજોગોમાં સંબંધ સાચવો,
બધાની સાથે સારો સંબંધ સાચવો.
નિકટનાં હોય કે બીજા સંબંધ સાચવો,
વયમનસ્ય રાખ્યા વિના સંબંધ સાચવો.
આપણી સાથે રહે એવો સંબંધ સાચવો,
સુખદુઃખ માં રહીને સૌ સંબંધ સાચવો.
અમીર-ગરીબ સાથે સૌ સંબંધ સાચવો,
કોઈ ભેદભાવ વગર તમે સંબંધ સાચવો.
તમે મનદુઃખ રાખ્યા વગર સંબંધ સાચવો,
★રમા★ કહે સૌ સમદ્રષ્ટિથી સંબંધ સાચવો.

---

NOG SS No :-0152
વિષય :- સબંધ
વિભાગ :-પદ્ય
શીર્ષક :- નામ રે વિનાનાં સંબંધ

શબ્દો બધાં થઈ જાય જ્યાં મૂંગા,
ને આંખો વહે દડ દડ..
વેદનાની વાત બધી હૈયે સીવીને,
પછી મુખડું હસે ખડ ખડ..

એક જો મનખ એવું હાથ ઝાલે તો,
ભાગશે સૌ વ્યથા ધડ ધડ..
નામ રે વીનાના એવા કોક સંબંધો,
પરભુ તું મારામાં ઘડ ઘડ..

જુગ જુગના આવરણ ઓઢીને બેઠો,
કાયા ડોલે છે પડ પડ..
સ્પર્શ એક એવો તું આપી દે મુજને,
માયા આ તૂટે તડ તડ..

મનનું આ પંખી ના માને અમારું તે,
કરતું રહે છે બડ બડ..
આપજે સબૂરી ને સંતોષ અમને તું,
ક્યાંયે થાવું નથી હડ હડ..

શ્દિલીપ ધોળકિયા,'શ્યામ' જૂનાગઢ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

**નૈમિષ ત્રિવેદી**

ક્રૂડ તેલમાં ૧૬,૮૦,૮૦૦ બેરલ અને ક્રૂડ તેલ-મિનીમાં ૨,૫૪,૬૨૦ બેરલના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૧૪૫નો કડાકો

સોના-ચાંદીના વાયદાના ભાવમાં સંકડાઈ ગયેલી વધઘટઃ કોટન-ખાંડી વાયદો રૂ.૩૮૦ ઘટ્યોઃ નેચરલ ગેસમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૧૫૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૯૨૫ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૨ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૭૧,૦૭૫ સોદાઓમાં કુલ રૂ.૨૭,૦૯૭.૬૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૧૪૯.૯૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૮૯૨૫.૮૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૩,૯૦૯ સોદાઓમાં રૂ.૫,૩૯૪.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૯૪૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૦૧૭ અને નીચામાં રૂ.૫૯,૮૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬ ઘટી રૂ.૫૯,૯૪૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૦૨૦ વધી રૂ.૪૯,૪૯૯ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૮ વધી રૂ.૬,૦૦૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૪ વધી રૂ.૬૦,૦૫૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૦૩૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૮૬૨ અને નીચામાં રૂ.૭૦,૯૦૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૩૧ વધી રૂ.૭૧,૩૭૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૧૧ વધી રૂ.૭૧,૪૫૧ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૦૫ વધી રૂ.૭૧,૪૫૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૬૯૯ સોદાઓમાં રૂ.,૯૩૪.૨૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૦૨.૪૦ના ભાવે ખૂલી, રૂ.૪.૫૦ ઘટી રૂ.૭૦૩.૫૫ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૨૦૬.૩૦ તેમ જ સીસું મે કોન્ટ્રેઈકક્ટ રૂ.૧ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૬.૫૫ ઘટી રૂ.૨૦૫ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ વધી રૂ.૨૦૮.૯૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૮૫.૧૫ જસત-મિની જૂન વાયદો રૂ.૩.૨૦ ઘટી રૂ.૨૦૫.૮૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૨,૨૦૮ સોદાઓમાં રૂ.૧,૮૦૯.૩૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૭૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૭૭૯ અને નીચામાં રૂ.૫,૫૯૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૫ ઘટી રૂ.૫,૬૧૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૧૪૪ ઘટી રૂ.૫,૬૧૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૨ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૧૯૨.૩૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૨.૯ વધી ૧૯૨.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨.૧૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૮૦૦ અને નીચામાં રૂ.૫૮,૫૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ ઘટી રૂ.૫૮,૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૦ ઘટી રૂ.૯૪૯.૯૦ બોલાયો હતો. કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૯૪.૩૮ કરોડનાં ૩,૪૯૧.૧૪૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૨૯૯.૮૦ કરોડનાં ૪૬૧.૫૫૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૦૧.૦૪ કરોડનાં ૧૯,૩૫,૪૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૦૮.૨૭ કરોડનાં ૩,૬૮,૪૩,૭૫૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૩.૫૬ કરોડનાં ૪,૫૪૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૫.૨૧ કરોડનાં ૧,૯૨૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪૫૫.૯૪ કરોડનાં ૬,૪૫૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૪૯.૫૬ કરોડનાં ૧૬,૯૦૦ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૦.૪૨ કરોડનાં ૧,૭૭૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧.૭૬ કરોડનાં ૧૮.૩૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૭૧૫.૨૭૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૦૯.૭૩૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૯૩૫.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૫,૮૪૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૧૮૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૩૬૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨૨,૨૨,૮૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૬૦,૭૭,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૨,૧૨૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૪૧.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૧.૮૪ કરોડનાં ૨૭૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૫૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૬,૦૭૬ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૬૧ અને નીચામાં ૧૬,૦૫૦ બોલાઈ, ૧૧૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૯ પોઈન્ટ વધી ૧૬,૧૨૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૮૯૨૫.૮૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૦૫.૪૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૯૧.૬૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૯૫૩.૯૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૭૪.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૩૪.૮૫ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૫.૬૦ અને નીચામાં રૂ.૭૦.૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭.૫૦ ઘટી રૂ.૭૩ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૯૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૪.૧૫ અને નીચામાં રૂ.૧૨.૬૦ રહી, અંતે રૂ.૧.૭૫ વધી રૂ.૧૩.૭૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૧૪ અને નીચામાં રૂ.૨૬૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭.૫૦ વધી રૂ.૨૯૧ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૧ અને નીચામાં રૂ.૫૯૦ રહી, અંતે રૂ.૭૩ વધી રૂ.૬૮૨ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૯૦ના ભાવે ખૂલી, રૂ.૮૮ વધી રૂ.૧,૪૩૯ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૫૦ના ભાવે

આભાર - નિહારીકા રવિયા ખૂલી, રૂ.૬૨ વધી રૂ.૧,૩૮૦.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૧ ઘટી રૂ.૧૧.૭૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૦.૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૬૪.૬૦ અને નીચામાં રૂ.૧૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૯.૩૦ વધી રૂ.૨૫૧ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૨૫ અને નીચામાં રૂ.૧૧.૧૫ રહી, અંતે રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૧.૪૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૭ અનેનીચામાંરૂ.૨૦૪.૫૦ના મથાળેઅથડાઈ, પ્રથમસત્રસુધીમાંરૂ.૨૬.૫૦ ઘટી રૂ.૨૧૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૫૨ અનેનીચામાંરૂ.૩૦૦.૫૦ રહી, અંતેરૂ.૪.૫૦ ઘટીરૂ.૩૩૩ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૪૭ના ભાવે ખૂલી, રૂ.૧૫૨ ઘટી રૂ.૧,૫૦૪ થયો હતો, જ્યારેચાંદી-મિની જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૧૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૩૪ ઘટી રૂ.૯૭૦.૫૦ થયો હતો.

# ૐ ગો સેવા પૂર્વ કચ્છ અને નિલકંઠ ગો વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'પંચગવ્ય ઉત્પાદન પ્રશિક્ષણ વર્ગ'નું આયોજન

ૐ ગો સેવા પૂર્વ કચ્છ અને નિલકંઠ ગો વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'પંચગવ્ય ઉત્પાદન પ્રશિક્ષણ વર્ગ'નું આયોજન થયું છે. આ વર્ગમાં ગૌમાતાનાં પંચગવ્યથી કેવા ઉત્પાદનો મેળવી શકાય છે તેનું સંપૂર્ણ પ્રશિક્ષણ આપવામાં આવશે. આ વર્ગમાં પુર્ણ સમય રહેવું ફરજીયાત છે, ચાલુ વર્ગમાં ફોન બંધ રહેશે, આપેલ દિનચર્યા પ્રમાણે સમયસર સત્રમાં ઉપસ્થિત રહેવું ફરજિયાત છે, ભોજન બનાવવામાં એલ્યુમિનિયમ નિષેધ છે અને ગાયનાં જ ઘી, દૂધ, છાશનો ઉપયોગ કરવામાં આવશે, ગોબર ઉત્પાદનો માટે મશીન,મોલ્ડ, મટીરીયલ, પ્રિમિક્સ ની માહિતી આપવામાં આવશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના



ધોરણે આ વર્ગમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. વર્ગમાં બહેનો માટે અલગ રહેવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. પ્રશિક્ષણ પૂર્ણ થયા બાદ પ્રમાણપત્ર અને પિડાન્તક તેલ, ધુપ બતી, દંતમંજન, ગણેશજી, રાખડી, મોબાઈલ ચીપ્સ, દિપક, કિચન જેવી ૮ પ્રોડકટસની પંચગવ્ય ઉત્પાદનની કીટ આપવામાં આવશે. 'પંચગવ્ય ઉત્પાદન પ્રશિક્ષણ વર્ગ' ની ફી રૂ. ૧૦૦૦ છે. જેમાં રહેવા અને જમવાની વ્યવસ્થા પણ છે. કોઈ પણ વ્યક્તિ પોતાના પરિવાર સાથે આ વર્ગમાં જોડાય શકે છે. વર્ગમાં ભાગ લેવા માટે નિલકંઠ ગો વિજ્ઞાન કેન્દ્ર મેઘજીભાઈ હિરાણી (મો. ૦૯૪૨૮૦ ૮૧૧૭૫) પર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ પ્રશિક્ષણ વર્ગ 'નિલકંઠ ગો વિજ્ઞાન કેન્દ્ર', નાની નાગલપર, અંજાર, કચ્છ, ગુજરાત ખાતે તા. ૧૭ જૂન, ૨૦૨૩, શનિવારે સવારે ૮ વાગ્યાથી શરુ કરીને ૧૮ જૂન, ૨૦૨૩, રવિવારે સાંજે ૫ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે.

# ચાણસ્મા ખાતે બાવનિયા પરિવારના કુળદેવી અંબિકા માતાની ધજાની સાલગીરી ઉજવાઈ




રિપોર્ટર નિખીલ જોષી પાટણ બ્યુરો

ચાણસ્મા માં વસતો જૈન બાવનીયા પરિવાર ભીનમાલ ખાતેથી લગભગ ૭૦૦ વર્ષ પહેલા ચાણસ્મા આવીને વસેલો આ પરિવાર છે જેમની કુળદેવી અંબિકા માતા છે જેમની ધજા ની સાલગીરી જેઠ સુદ દસમ ના દિવસે હર સાલ ઉજવવામાં આવે છે પરિવારના દરેક પરિવારો આ દિવસે સુરત મુંબઈ પુના અમદાવાદ બરોડા પાટણ ચાણસ્મા તથા વિદેશમાં વસતા એમ જુદા જુદા સ્થળે રહેતા હોવા છતાં આ દિવસે ચાણસ્મા ખાતે આવે છે અને માતાજીની ધજાની સાલગીરા ધુમધામ થી ઉજવે છે

આજે તારીખ ૩૦ ૫ ૨૦૨૩ ના દિવસે મંજુલાબેન રજનીકાંત જેસિંગલાલ શાહ પરિવાર જે હાલ અમદાવાદ રહે છે એમના પરિવારને આજના દિવસે માતાજીની ધજા ની સાલગીરી ઉજવવાનો લાભ મળ્યો હતો એમના પરિવાર દ્વારા આજના દિવસે ત્રણ ટાઈમ નો સ્વામી વાત્સલ્ય રાખવામાં આવ્યો હતો બપોરે ૧૨:૩૯ ના વિજય મુરતે માતાજીની ધજા માતાજીના શિખર ઉપર ચઢાવવામાં આવી હતી આ સમયે ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. બોલ મારી અંબિકા જય જય અંબિકા ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું અને દરેક બાવનીયા પરિવારના ભાઈઓ બહેનોએ માતાજીના આશીર્વાદ લીધા હતા બાવનીયા પરિવાર દ્વારા લાભાર્થી પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતુંસમગ્ર મંડપ ડેકોરેશન કિરણ ઈલેક્ટ્રીક કંપની દ્વારા તથા ચામુંડા ઈવેન્ટ પ્લાનર દ્વારા તથા મંદિર શણગારવાનું વિક્રમભાઈ રાવલ દ્વારા અને સમગ્ર જમણવાર નું કાર્ય સતિષભાઈ વ્રજલાલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતુંલાભાર્થી પરિવારના પુત્ર ક્રીમેશ ભાઈ શાહે આજના પ્રસંગે દરેક નો આભાર માન્યો હતો

# ગુજરાત બ્રહ્મ સમાજ નું ગૌરવ...

ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજ નો ચિ. રિધમ મનોજભાઈ વ્યાસ મૂળ વતન લીબડી.. હાલ સુરત.. ધોરણ ૧૦ માં - ૯૯.૨૪ૌંષ્ઠિહૈંઙ્મી થી ઉત્તીર્ણ થઈ માતા પિતા અને ઔદિચ્ય કુળ બ્રહ્મ સમાજ નું નામ રોશન કર્યું .રિધમ વ્યાસ સાથે વાત કરતા જણાવ્યું કે ખૂબ મહેનત કરી ભણી ને ેંઁજીઝ્ર કરી ને કલેકટર બની સમાજ કલ્યાણ ના કાર્ય કરવા ઈચ્છે છે..સૌ.હિતેચ્છુ પરિવારો ની અનેક શુભેછાઓ સાથે મહાદેવ અને પરશુરામ ના આશીર્વાદ કાયમ બની રહે..




# ગાય માતાને લાપસી નું ભોજન પંચમ ગ્રુપ વડોદરા તરફથી તથા અન્ય જીવદયા પ્રેમી તરફથી થી મહાપર્વ ભીમઅગિયારસનું દાન



પંચમ ગ્રુપ વડોદરા તરફથી રૂ/ ૭૫ હજારનું દાન તારીખ ૩/૫/ ૨૩ જેઠ સુદ અગિયારસ ભીમ અગિયારસ

જીવદયાપ્રેમી ઉત્સાહી મોહનભાઈ આર.પ્રજાપતિ તથા લક્ષ્મણભાઈઆર. પ્રજાપતિનરોતમ ભાઈ આર. પ્રજાપતિતરફથી ૬૨ મણ ઘઉં ગોળ વનસ્પતિ ઘી ગાય માતાને લાપસી નું ભોજન પંચમ ગ્રુપવડોદરા(પાળીયાદવાળા)તરફથી તથા૧૧૭૦૦ દરબારશ્રી હકુભાઈ કિરીટભાઈ ધાધલ પાળીયાદતથા રૂ૧૧૦૦૦રામજીભાઈ અમરશીભાઈ જમોડ હડદડ રામ ભરોસે રૂ૧૬૬૦૦? રામ ભરોસે ગ્રુપ બોટાદ તરફથી ૧૭૩ મણ લીલી જુવાર હસ્તે બટુકભાઈ નાવડા વાળા તરફથી પાળીયાદ પાંજરાપોળ અબોલ પશુઓને ભોજન અર્થે દાન મળેલ છે સંસ્થા હ્રદય પૂર્વક તમામ નો આભાર માને છે.અહેવાલઃ કનુભાઈ ખાચર

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ધીરુબહેન પટેલના ૯૭મા જન્મ દિવસે નારીસર્જકતાને સંકોરતા સામયિક "વિશ્વા" વિમોચન



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ધીરુબહેન પટેલના ૯૭મા જન્મદિવસે નારીસર્જકતાને સંકોરતા સામયિક "વિશ્વા"ના વિમોચન અને ધીરુબહેન પટેલ ની કૃતિઓની પ્રસ્તુતિ અંગેનો એક કાર્યક્રમ તારીખ ૨૯-૫-૨૦૨૩ને સોમવારે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા મંથન અપંગ કન્યા સેવા સંકુલના સ્થાપક નિર્મળાબહેન રાવળ.

કાર્યક્રમની શરૂઆત ધીરુબહેન પટેલની રચનાના અલ્પાબેન શાહના ગાન સાથે થઈ. વિશ્વકોશની સ્થાપનાથી માંડીને આજ સુધીની ગતિ અને પ્રગતિ વિશે પ્રીતિબેન શાહે વિગતે વાત કરી. શ્રદ્ધાબેન ત્રિવેદી અને લતાબેન હિરાણીએ ધીરુબહેન સાથેના સંસ્મરણો યાદ કરીને વિશ્વા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને વિશ્વા સામયિક અંગેની અવનવી વાતો કરી.

નિર્મળાબેન રાવળ અને મંચ ઉપર ઉપસ્થિત માતૃશક્તિ દ્વારા "વિશ્વા"ના પ્રથમ અંકનું સરસ રીતે વિમોચન કરવામાં આવ્યું. નિર્મળાબેન રાવળે ધીરુબહેન હાજર જ છે એમ જણાવી એમના જન્મદિવસ અંગે ગીત પણ ગાયું અને એમની દિવ્ય ચેતનાને વંદન કર્યા.

આ વિમોચન પ્રસંગે દીપ્તિબેન જોશી દ્વારા ધીરુબહેન પટેલનાં નિબંધ "દસ દેવચકલીઓ"નું પઠન થયું. તો મિત્રાબેન પટેલે ધીરુબહેન પટેલ સાથેના સંસ્મરણોને રજૂ કર્યા. ધીરુબહેન પટેલની વાર્તા "લગ્નની ભેટ"નું વાચિકમ દીપ્તિબહેન જોશી, લલિતાબેન વાકાણી, સુધાબહેન જોશી અને શ્રદ્ધાબહેન ત્રિવેદી દ્વારા સરસ રીતે કરવામાં આવ્યું.

આ વિમોચન સમારંભમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, શ્રી ભાગ્યેશ જહા, શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી કેશુભાઈ દેસાઈ, શ્રી દલપત પઢિયાર, શ્રી ગૌરવભાઈ શેઠ, શ્રી અનિલભાઈ રાવલ અને અશ્વિન આણદાણી વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગિરિમાબેન ઘારેખાન દ્વારા અને આભારવિધિ પ્રીતિબેન શેઠ દ્વારા કરવામાં આવી.

આ કાર્યક્રમમાં સાહિત્ય જગતના રીટા કોઠારી, રંજના હરીશ અને અન્ય સ્ત્રીરત્નોએ મોટી સંખ્યામાં હાજર રહી સમગ્ર કાર્યક્રમને દીપાવ્યો. આમ "વિશ્વા" સામયિકનું વિમોચન યાદગાર બની ગયું.

આભાર - નિહારીકા રવિયા

# એરિયા ગુજરાતી સમાજે "ગુજરાતની અસ્મિતાનેઉજાગર કરતા 'ગુજરાત ગૌરવ દિવસ'ની શાનદારઉજવણી કરી

બેએરિયા ગુજરાતી સમાજનાં નેજા હેઠળ બેઠકે ૨૭મી મેં ૨૦૨૩ની સવારે ઈન્ડિયાકોમ્યુનિટી સેન્ટર,મિલપિટાસ,કેલિફોર્નિયામાં શબ્દ,સૂર અને લયનાં માધ્યમથી શાનદારગુજરાત ગૌરવ દિવસની ઉજવણી કરી.બે એરિયાનાં બધાં ગુજરાતી સમાજે એક છત્ર નીચેભેગા થઈ ,ગુજરાતની સંસ્કૃતિક,પ્રાકૃતિક,ભૌગોલિક,ઐતિહાસિક,અને આધ્યાત્મિકસમૃદ્ધિનાં ગાન સાથે ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરી.બેએરિયા ગુજરાતી સમાજનાંમુખ્ય સૂત્રધાર સુરેશ મામા તેમજ પ્રોગ્રામનાં મુખ્ય આયોજક અને બેઠકનાં સ્થાપક પ્રજ્ઞાદાદભાવાળાનું યોગદાન કાબિલે દાદ છે.તેમજ સહકાર્યકરો સી.બી. પટેલ,જિગીષા પટેલ, કૌશિક હજારીએ પણ કાર્યક્રમને સફળ બનાવવા પોતપોતાનું યોગદાન આપ્યું હતું.

કાર્યક્રમની શરુઆત ૯.૩૦ વાગે સવારે ચા પાણી અને સ્નેહ સંમેલનથી થઈ.શરદદાદભાવાળાનાં સંચાલન સાથે કાર્યક્રમને પ્રારંભે વિઘ્નહર્તા ગણેશનું સ્તુતિગાન હેતલબ્રહ્મભટ્ટ જાગીરદારે કર્યું.ત્યારબાદ બેએરિયા ગુજરાતી સમાજના કાર્યકરો ,સાહિત્યકારજયશ્રી મર્ચન્ટઅને અતિથિ શ્રીજયેશભાઈ વ્યાસ ,જે ભારતીય સંસ્કૃતિ,સાહિત્ય,અધ્યાત્મઅને રાજનીતિ ક્ષેત્રનાં અભ્યાસુ વક્તા છે,તે સૌએ મળી દીપ પ્રાગટ્ય કર્યું.સરસ્વતી વંદનાથીસંગીત સભર કાર્યક્રમની શરુઆત કરી, સૂરીલા ગાયકો નિકુંજ વૈદ્ય ,પ્રિયા પરીખ,વાગ્મીકચ્છી,આર્યહી વૈદ્યે.ત્યારબાદ પ્રજ્ઞા દાદભાવાળાએ સૌને આવકાર આપતા ગુજરાતનીઅસ્મિતાનો અર્થ સમજાવતાં 'હું ગુજરાતી' 'અમે ગુજરાતી' અને 'આપણું ગુજરાતીપણું' હંમેશાં સાચવી રાખવા સૌને સંકલ્પબધ્ધ બનવા કહ્યું.




ત્યારબાદ બેએરિયાનાં સક્રિય કાર્યકર વડીલ સી.બી. પટેલે ગુજરાતીઓની જન્મભૂમિ ગરવીગુજરાતની ગાથા ગાઈ ,બેએરિયા ગુજરાતી સમાજ પરદેશમાં ૨૦૦૬થી ગુજરાત દિવસઉજવે છે અને તે માટે સૌ જૂના અને નવા કાર્યકરોને ગુજરાતની અસ્મિતા જાળવવા અભિનંદનપાઠવ્યા.ગુજરાત ગૌરવ ગીતની પ્રસ્તુતિ નિકુંજ વૈદ્ય ,પ્રિયા પરીખ,વાગ્મી કચ્છી અને આર્યહીવૈદ્યે કરી ,તો ધવલ મજમુદાર,વૈષ્વી મજમુદાર,અલ્પના શર્મા,રચના નાયક અને પરિમલઝવેરીએ તેમજ તેમના ગૃપનાં નાના નાના અમેરિકામાં જ જન્મેલા અને ઉછરેલા ભૂલકાંઓએવાદ્ય સંગીત સાથે 'અમે ગુજરાતી 'ગીત પ્રસ્તુત કરી સૌનાં મન જીતી લીધાં અને સાબિતકરી દીધું ગુજરાતી ભાષા ક્યાંય અને ક્યારેય ભુંસાવવાની નથી.નરેન્દ્ર શાહ અને સ્મિતાશાહ ને સાથી કલાકારોએ 'હું ડાલામથ્થો ગુજરાતી' ગીત ગાઈ ગુજરાતીઓની ગરિમા ગાઈ.

"સંગીત ડાન્સ ગૃપ" ની દીકરીઓએ ભાવના જોશીપુરા અને હીરલ જોશીપુરાનો કોરિયોગ્રાફકરેલ સુંદર ગરબો રજૂ કરી નૃત્ય દ્વારા ગુજરાતની અસ્મિતા રજૂ કરી.

# આચાર્ય લોકેશજીએ જંતર-મંતર ખાતે ધર્મગુરુઓ અને ભક્તોને કોઈ પણ ધર્મની ટીકા નહીં કરવાના શપથ લેવડાવ્યા હતા

દિલ્હીના જંતર-મંતર પર એક અનોખો નજારો જોવા મળ્યો હતો. દેશની એકતા, શાંતિ અને સૌહાર્દને પ્રોત્સાહન આપવા માટે, ફાઉન્ડેશન ફોર રિલિજિયસ હાર્મની એન્ડ યુનિવર્સલ પીસ (એફ.આર.એચ.યુ.પી) દ્વારા પ્રદેશ (જંતર-મંતર)માં ધાર્મિક નેતાઓ અને ભક્તોનાં શપથ ગ્રહણ સમારોહ માટે એક અદભૂત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. હંમેશા અધિકારોની માંગ સાથે પડઘો પાડતા, શપથ ગ્રહણ સમારોહની અધ્યક્ષતામાં આચાર્ય ડૉ. લોકેશજીએ તમામ વિશ્વ શાંતિ દૂતને શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી કાશી સુમેરુ પીઠાધીશ્વર સ્વામી નરેન્દ્રનંદ સરસ્વતીજી મહારાજ, એફ.આર.એચ.યુ.પીના મુખ્ય આશ્રયદાતા આર્કબિશપ અનિલ કૌટોન ઉપસ્થિત રહ્યા હતા. શિખ ધર્મના સરદાર પરમજીત સિંઘ ચંધોક, બહાઈ ધર્મના ડૉ. એકે મર્ચન્ટ, યહુદી ધર્મના રબ્બી એઝેકિયલ ઈસાક મલેકર, બૌદ્ધ ધર્મના આચાર્ય યેશી ફુંટસોક, બ્રહ્માકુમારી રાજયોગીની પ્રવેશ બહેન રાજન છિબ્બર સહિત વિવિધ ધર્મના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડૉ. લોકેશજીએ સમારોહની અધ્યક્ષતામાં ઉપસ્થિત તમામ ધર્મગુરુઓને શપથ લેવડાવ્યા હતા કે "અમે સંકલ્પપૂર્વક અને નિશ્ચય સાથે આ શપથ લઈએ છીએ કે અમારા પોતાના ધાર્મિક સિદ્ધાંતો પ્રત્યે વફાદાર અને પ્રતિબદ્ધ રહીને અમે અન્ય કોઈ ધર્મની ટીકા કરીશું નહીં. એફ.આર.એચ.યુ.પીમાં અમે કોઈપણ ધર્મ વિશે ખરાબ બોલીશું નહીં અને અન્ય ધર્મના લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડતી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થઈશું નહી.× તેમણે કહ્યું કે




આપણે કોઈપણ ધર્મ, આસ્થા કે સંપ્રદાય સાથે ભેદભાવ કર્યા વિના સમાજના તમામ સ્તરે ન્યાય અને શાંતિને પ્રોત્સાહન આપવું જોઈએ.શ્રી કાશી સુમેરુ પીઠાધીશ્વર સ્વામી નરેન્દ્રનંદ સરસ્વતીજી મહારાજે જણાવ્યું હતું કે અમે સામાજિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા આપણા ધર્મના વિકાસ માટે પ્રતિબદ્ધ છીએ. અન્ય કોઈ ધર્મ કે સંપ્રદાયનો આદર કરો, ટીકા ન કરો. વીર ચક્ર વિજેતા કર્નલ ટીપી ત્યાગી, એફ.આર.એચ.યુ.પી ના જનરલ સેક્રેટરીએ જણાવ્યું હતું કે સમારોહનો મુખ્ય ઉદ્દેશ્ય ધાર્મિક નેતાઓને તેમની વિશિષ્ટતા અને મહત્વ સાથે સન્માન કરવાનો છે. તેમણે કહ્યું કે એફ.આર.એચ.યુ.પી એ તેના મિશનમાં સમગ્ર વિશ્વમાં સૌહાર્દ, શાંતિ અને એકતાને મહત્વ આપવાનું આશ્વાસન આપ્યું છે.આ પ્રસંગે આયોજક રાજીવ જોલી ખોસલા, એફ.આર.એચ.યુ.પી ના કાર્યકારી સચિવ ઉર્વશી વાલિયા, નાણા સચિવ અને વિશેષ અતિથિઓ એડમિરલ સનાતન કુલશ્રેષ્ઠ, કે.કે.ગોયલ, માયા પ્રકાશ ત્યાગી, સ્વામી સમ્પૂનંદ ચિદાકાશી, બ્રહ્મ કુમારી આશા તનેજા, ઝેડએસ પીટર, સ્વામી શ્રી અમિત દેવ મહારાજ, મો. ઝેડ બુખારી, ટીટુ પીટર, સરદાર જે.એસ.રેખી, સરદાર કે.એસ. કોચર, વી.કે. શ્રીવાસ્તવ, પાદરી મદન લાલ, મુકેશ શર્મા, મોહમ્મદ શમીમ, મોહમ્મદ સલીમુદીન, રાહુલ વિજ, મોહમ્મદ મકબૂલ મલિક, અશોક સચદેવા, ડૉ.ઈન્દુ જૈન, સંત શ્રી અનંત ચાર્યજી મહારાજ, સરદાર ડૉ.ઓંકાર સિંહ નરુલા, શ્રી તરુણ જૈન બાવા, રેખા ઉદિત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વાગત + સેવાની પ્રશંસનીય પહેલ

**સમાજ સુરક્ષા વિભાગની નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના લાભાર્થીના ઘરે જઈને સહાયનો હુકમ આપતા સિટી મામલતદાર, વેજલપુર શ્રી હરદીપસિંહ જાડેજા પતિને પેરાલિસીસ અને પોતાની મોટી ઉંમર! અનેક અડચણો અને સમસ્યાઓ સાથે જીવતા મીનાક્ષીબહેનને સમાજ સુરક્ષા વિભાગની 'નિરાધાર વૃદ્ધ સહાય યોજના' પૂરો પાડશે આધાર નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના લાભાર્થી મીનાક્ષીબહેન તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર ન રહી શકતા વેજલપુરના સિટી મામલતદારે લાભાર્થીના નિવાસ્થાને જઈને સહાયનો હુકમ આપી 'સ્વાગત+સેવા'નું ઉદાહરણ પૂરું પાડ્યું**



**પ્રદીપ રાવલ.. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક**

**આજ રોજ માલપુર તાલુકાના મુખી ના મુવાડા ગામે ખેતરમાંથી મળેલ નવજાત દીકરી ની બાયડ માલપુર ના ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા એ તાત્કાલિક મોડાસા સાર્વજનિક હોસ્પિટલ માં દાખલ કરાવી અને પોતે જાતે હોસ્પિટલ ખાતે તાત્કાલિક ધોરણે દોડી આવી મુલાકાત કરી અને પોલીસ ને જાણ કરી ને દીકરી ના માં બાપ કોણ છે તેની તપાસ કરવા ની સૂચના આપી અને ચાઈલ્ડ હેલ્પ લાઈન માં જાણ કરી.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.